# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/375 Dt. 26/03/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ‘કરન્ટ સિનારિયો ઓફ ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટ ઇન ગુજરાત એન્ડ ફયુચર ઓપોર્ચ્યુનિટીઝ થ્રુ ગ્રીન આંત્રપ્રિન્યોરશિપ’ વિષે સેમિનાર યોજાયો

### ઉદ્યોગોએ વેસ્ટ મેનેજમેન્ટ અને વેસ્ટને ઓછો કરવા માટે વેસ્ટ એનાલિસિસ તથા સિલેકશન ઓફ વેસ્ટ ટ્રિટમેન્ટ ટેકનોલોજી પર ખાસ ધ્યાન આપવું પડશે : નિષ્ણાતો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર અને સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટના સહયોગથી બુધવાર, તા. ૨૫ માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે ‘કરન્ટ સિનારિયો ઓફ ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટ ઇન ગુજરાત એન્ડ ફયુચર ઓપોર્ચ્યુનિટીઝ થ્રુ ગ્રીન આંત્રપ્રિન્યોરશિપ’ વિષે સેમિનાર યોજાયો હતો.

ઉદ્યોગો વેસ્ટ કેવી રીતે ઓછો કરી શકે તે દિશામાં નિષ્ણાતોએ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. વેસ્ટ એનાલિસિસ અને સિલેકશન ઓફ વેસ્ટ ટ્રિટમેન્ટ ટેકનોલોજી પર ઉદ્યોગોએ ખાસ ધ્યાન આપવું પડશે. વેસ્ટ મેનેજમેન્ટ માટે પ્રોપર એનાલિસિસ અને એના આધારે ટેકનોલોજીનું સિલેકશન ખૂબ જ મહત્વનું હોય છે, જે અંગે નિષ્ણાતોએ ઉદ્યોગકારો અને પ્રોફેશનલ્સને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેમિનારમાં પોતાના સંબોધનમાં ઉદ્યોગોના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે પર્યાવરણ સંરક્ષણ અને યોગ્ય ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટની આવશ્યકતા પર ભાર મુકયો

હતો. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસની સાથે વેસ્ટ મેનેજમેન્ટ માટે ગ્રીન આંત્રપ્રિન્યોરશિપ ઉત્તમ વિકલ્પ બની શકે છે. ઉદ્યોગો માટે ગ્રીન ટેકનોલોજી અપનાવવી અને સસ્ટેનેબલ મોડલ્સ તરફ આગળ વધવું સમયની માંગ છે, જે ભવિષ્યમાં ઉદ્યોગોને સ્પર્ધાત્મક બનાવશે.

ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટરના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ભારત જૈને પોતાના સંબોધનમાં ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટમાં નવી ટેકનોલોજી અને ગ્રીન પ્રેક્ટિસિસ અપનાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો.

એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સના ઇ.એચ.એસ. અને સસ્ટેનેબિલિટી કોર્પોરેટ હેડ શ્રી સુશીલ ખારકવાલે ઉદ્યોગોમાં પર્યાવરણ સલામતી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસિસના મહત્વ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગોએ માત્ર ઉત્પાદન પર જ નહીં પરંતુ પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારીને પણ સમજીને કાર્ય કરવું જરૂરી છે. યોગ્ય વેસ્ટ મેનેજમેન્ટ, રિસાયકલીંગ અને રિસોર્સ ઓપ્ટિમાઇઝેશન દ્વારા ઉદ્યોગો પોતાના ખર્ચમાં ઘટાડો કરી શકે છે તેમજ પર્યાવરણને થતી અસરને પણ ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

હજીરા સ્થિત એ.એમ.એન.એસ. ઈન્ડિયાના એન્વાયરમેન્ટ હેડ શ્રી અકુલ સેનાપતિએ ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટ માટે આધુનિક પદ્ધતિઓ અને તેમના પ્રયોગો અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ, વેસ્ટ ટુ એનર્જી અને સર્ક્યુલર ઇકોનોમી જેવા અભિગમો અપનાવીને ઉદ્યોગો પર્યાવરણને સુરક્ષિત રાખવાની સાથે સાથે પોતાના ઓપરેશનલ કાર્યક્ષમતા વધારી શકે છે. આધુનિક ટેકનોલોજી અને ઇનોવેટિવ સોલ્યુશન્સનો ઉપયોગ કરીને ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ મેનેજમેન્ટને વધુ અસરકારક અને સસ્ટેનેબલ બનાવી શકાય છે.

સીઇડી સુરતના એસટીઓ શ્રી અવિનાશ હિરપરાએ ગ્રીન આંત્રપ્રિન્યોરશિપના ક્ષેત્રમાં ઉભી થતી તકો અને યુવાનો માટેના અવસરો અંગે પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે, પર્યાવરણને અનુકૂળ વ્યવસાય મોડલ્સ આજના સમયમાં ઝડપી ગતિએ વિકસિત થઈ રહ્યા છે અને તેમાં યુવાનો માટે અનેક નવા સ્ટાર્ટઅપ અવસરો ઉભા થઈ રહ્યા છે. વેસ્ટ મેનેજમેન્ટ, રિન્યુએબલ એનર્જી, રિસાયલીંગ અને ઇકો–ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ જેવા ક્ષેત્રોમાં નવીનતા લાવીને યુવાઓ આત્મનિર્ભર બની શકે છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રીજનલ ઓફિસર શ્રી અરુણ પટેલે ઉદ્યોગોને લાગુ પડતા નિયમો અને પર્યાવરણ સંબંધિત માર્ગદર્શિકાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પ્રદૂષણ નિયંત્રણ માટેની વ્યવસ્થાઓને સમયાંતરે અપડેટ રાખવી અને જરૂરી મંજૂરીઓ તેમજ મોનીટરીંગ સિસ્ટમ્સ અમલમાં મુકવી ખૂબ જ જરૂરી છે. ગ્રીન અને સસ્ટેનેબલ પ્રેક્ટિસિસ અપનાવનાર ઉદ્યોગો ભવિષ્યમાં વધુ વિશ્વસનીય અને સ્પર્ધાત્મક બની શકે છે તેમજ પર્યાવરણને સંતુલિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના જનરલ મેનેજર શ્રી જે.બી. દવેએ સરકાર દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતી સહાય અને યોજનાઓ અંગે વિસ્તૃત સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર તથા વિવિધ સંસ્થાઓ દ્વારા ગ્રીન આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ અને સહાય ઉપલબ્ધ છે, જેને યોગ્ય રીતે ઉપયોગમાં લઈને ઉદ્યોગ સાહસિકો સફળતા પ્રાપ્ત કરી શકે છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ. મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની એન્વાયરમેન્ટ/પોલ્યુશન કન્ટ્રોલ એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શ્રી કુન્હાલ શાહે કાર્યક્રમ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉદ્યોગો માટે વેસ્ટ મેનેજમેન્ટ માટે પ્રોપર એનાલિસિસ અને એના આધારે ટેકનોલોજીનું યોગ્ય સિલેકશન અગત્યનું છે. સુશ્રી જયા રંગવાનીએ સેમિનારનું સંચાલન કર્યું હતું.